


# ‘સન્નારી’ કવર ગર્લ બનવું છે?

સન્નારીઓ, આપની લોકપ્રિય પૂર્તિ ‘સન્નારી’ના મુખપૃષ્ઠ પર પ્રકાશિત થતી તસવીર જોઈ તમને પણ ઈચ્છા થતી હશે કે કાશ, હું પણ ‘સન્નારી’ કવર ગર્લ બનું! તો રાહ કોની જુઓ છો? તમારી, તમારા ફેમિલી, સંતાનો સાથેની અવનવી અદામાં, કલરફુલ આઉટફિટ્સમાં, કોઈક એક્ટિવિટી કરતી તસવીર અમને નીચે આપેલા Email એડ્રેસ પર મોકલી આપો. અમને પણ તમારી તસવીર પ્રકટ કરવાનું ગમશે. તમારી બે-ત્રણ તસવીર ઊભી ફ્રેમમાં, હાઇ રિઝોલ્યુશનમાં હોવી જરૂરી છે.

વાચકો, આપ તમારા પ્રતિભાવો, ‘સન્નારી’ અંગેનાં કોઇ સૂચનો, સન્નારીને અનુરૂપ કોઇ પણ લખાણ અને મુખપૃષ્ઠ તસવીર નીચે આપેલા ઇમેઇલ એડ્રેસ પર પણ મોકલી શકો છો. આ ઉપરાંત તમે મોકલતા આવ્યા છો એમ પત્ર દ્વારા તો તમે તમારા વિચારો મોકલી જ શકો છો. તમારા ફોટાગ્રાફ અને લખાણ સાથે તમારું નામ, સરનામું, કોન્ટેક્ટ નંબર લખવાનું ભૂલશો નહીં. **વાચકો, તમે પ્રતિભાવ, રેસીપી સૂચનો કે સન્નારીને અનુરૂપ કોઈ પણ લખાણ હવે English માં પણ મોકલી શકો છો. વાચકો તમારા માટે એક વધારાની સુવિધા. તમે તમારા ફોટોગ્રાફ્સ અને કોઈ પણ લખાણ અહીં આપેલા મોબાઈલ નંબરના વોટ્સએપ પર પણ મોકલી શકો છો.**

**M: + 91 81539 99903.**

વાચકો, અમને વોટ્સએપ પર તમારો ઘણો સારો પ્રતિસાદ મળ્યો છે. તમે તમારી તસવીર તથા સન્નારીને યોગ્ય લખાણ વધુમાં વધુ મોકલશો એવી અપેક્ષા.

Email: sannari@gujaratmitra.in



# પ્રિય સન્નારી

હેપ્પી દિવાલી એન્ડ હેપ્પી ન્યૂ યર. દિવાળીના શુભ દિનનું સ્વાગત અટલ બિહારી બાજપેયીની કવિતાથી કરીએ...

આઓ ફિર સે દિયા જલાયે
ભરી દુપહરી મેં અંધિયારા
સૂરજ પરછાઈ સે હારા
અંતરતમ કા નેહ નિચોડેં
બુઝી હુઈ બાતી સુલગાયેં
આઓ ફિરસે દિયા જલાયે...
હમ પડાવ કો સમજે મંઝિલ
લક્ષ્ય હુઆ આંખો સે ઓઝલ
વર્તમાન કે મોહ-જાલ મેં
આને વાલા કલ ન ભૂલાયે
આઓ ફિર સે દિયા જલાયે...
આહુતિ બાકી યજ્ઞ અધૂરા
અપનોં કે વિઘ્નોને ઘેરા
અંતિમ જય કા વજ બનાને
નવ દધીચિ હડ્ડિયાં ગલાયેં
આઓ ફિરસે દિયા જલાયે...

જીવનના જંગમાં સમસ્યા-આઘાત-પીડા-પરાજય જેવી અનેક બાબતો ડગલે ને પગલે આવતી રહે છે. એનો સામનો કરીને જે વ્યક્તિ સમાધાન, સુખ-આનંદ અને વિજયનો દીપક જલાવી શકે તે જ સાચો યોધ્ધા... આપ સહુ પણ આપના જીવનમાં પણ સપનાના દીપ જલાવતાં રહો એવી શુભેચ્છાઓ... દિવાળી એટલે માત્ર ખુદના જીવનમાં ઉજાસ પ્રગટાવવાની વાત નથી. આપણી આજુબાજુના લોકોને કંઈક મદદરૂપ બનીને, એમની સપોર્ટ સિસ્ટમ બનીને કે એમના દિલની વાત સાંભળીને પણ અન્યના દિલને શાતા આપીએ અને જીવનનાં અંધકારમાં આશાનું એક કિરણ પ્રગટાવી શકીએ તો પણ આપણી દિવાળી સાર્થક. હા, દિવાળીમાં મનને ખુશ કરવા માટે રોશની, ફટાકડા, ગિફ્ટ, ખાણી-પીણી અને પાર્ટી પણ જોઈએ જ. આ બધી બાબતોથી અર્થતંત્ર વેગવંતુ બને છે અને અનેક લોકોના ઘરમાં આવકનો દીપ જલે છે તો દિવાળીમાં કોઈની દેખાદેખી કર્યા વિના આપણાં બજેટમાં, આપણી ઈચ્છા મુજબ અને કોઈને નડ્યા વિના ખુદ ખુશ રહીએ અને અન્યને ખુશ કરવાનો પ્રયત્ન કરીએ.

સન્નારીઓ, નવું વર્ષ એટલે નવા વિચારો, નવાં સપનાંઓ, નવા સંકલ્પો અને નવાં સાહસોનું વર્ષ. આપણે નવા વર્ષે આવનારો સમય વધુ સારી રીતે પસાર થાય એવું વિચારીએ છીએ... અને એ માટે પ્લાનીંગ પણ કરીએ છીએ.. આ વર્ષે જરા જુદી રીતે જીવનને અર્થ આપવાનો પ્રયત્ન કરીએ. જેમ કે નવા વર્ષે સમસ્યા પર નહીં સમાધાન પર ફોક્સ કરીએ... કોઈ સમસ્યા ઉદભવે ત્યારે આમ કેમ થયું? કોણે કર્યું? હવે શું થશે? એવા પ્રશ્નોમાં અટવાયેલાં રહી દોષારોપણની ગેમ રમીએ... દુ:ખી થઈએ અને હાર માની બેસી જઈએ.. વાસ્તવમાં એક વખત સમસ્યાનું પિષ્ટપેષણ કર્યા પછી આપણું ધ્યાન સમાધાન પર રહેવું જોઈએ. શું રસ્તો નીકળશે? કઈ રીતે નીકળશે? કઈ ભૂલો અટકાવવી પડશે? કોનો સપોર્ટ લેવો પડશે? જેવા પ્રશ્નોના ઉત્તરો સમાધાનની દિશા આપશે.



બીજું જિંદગી એ શીખવાની પ્રક્રિયા છે. મોટાભાગના લોકો થોડી સફળતા મળતાં જ ખુદને ‘ખાં’ સમજવા માંડે છે અને પછી પડે છે અથવા નોલેજના અભાવે તેઓને જે આદર મળવો જોઈએ તે મળતો નથી. સફળ હોવા છતાં એમનું બહુમુખી, પ્રભાવી વ્યક્તિત્વ નિખરતું નથી. પોતાના ક્ષેત્રની સાથે જીવનમાં જરૂરી સ્કીલ્સ શીખવાનો સંકલ્પ વ્યક્તિત્વને અલગ ઓપ આપે છે.

ત્રીજી વાત જે રતન ટાટાએ કહી છે કે પૈસા કમાઓ પરંતુ એના પર નિર્ભર ન રહો. પૈસાથી મળતું સુખ એક પ્રકારનું છે પરંતુ એ સિવાય સંબંધોનું, સન્માનનું, પ્રેમનું, વિશ્વાસનું સુખ પણ છે અને એના માટે સ્વભાવની ઉદારતા અને વ્યક્તિત્વની વિશાળતા કેળવવી પડે. એટલે પૈસા કમાઈએ પરંતુ એનાથી મળતાં દરેક સુખ પર નિર્ભર રહેવાને બદલે એ સિવાયના આનંદના સર્જન પ્રતિ પ્રયાસ કરીએ.

ચોથી વાત એ છે કે ભૂલ કર્યા વિના જીવનનું ગણિત સમજાતું નથી તેથી ભૂલથી ડરવાનું નથી પરંતુ એકની એક ભૂલ વારંવાર કરવાથી બચવાનું છે. એક વખત થાય એ ભૂલ ક્ષમ્ય છે પરંતુ વારંવાર થતી ભૂલ બેદરકારી કે અપરાધ બનતાં ક્ષમ્ય નથી બનતી. વારંવાર ભૂલ કરનાર વિશ્વાસ ગુમાવે છે, પ્રતિષ્ઠા ખરડે છે અને નિષ્ફળતા મેળવે છે એટલે આ વર્ષે ભૂલનું પુનરાવર્તન ન થાય એ માટે સજાગ રહેવાનો સંકલ્પ કરો.

પાંચમી વાત એ છે કે રિસ્ક હે તો ઈશ્ક હે... જોખમ વગર જિંદગીમાં કશું મળતું નથી. હિંમતે મર્દા તો મદદે ખુદા પરંતુ આપણામાંથી અનેક લોકોમાં શક્તિ હોય, આવડત અને તક હોય પરંતુ જોખમ લેતાં ડરે છે અને બધું હોવા છતાં કશું મેળવી શકતા નથી. સો.. સાહસ વિના સિદ્ધિ નહીં એ કહેવતને યાદ રાખી આ વર્ષે બે કદમ જોખમભર્યાં મૂકીએ.

અને પાંચમી વાત... મોટું વિચારો પરંતુ શરૂઆત નાનાથી કરો. સપનાં હંમેશાં મોટાં જોવાં જોઈએ પરંતુ રાતોરાત કોઈ ટાટા કે અંબાણી નથી બની શકતું. મોટાં સપનાંને સાકાર કરવા માટે એકી ઝાટકે કરોડોનું સામ્રાજ્ય ન ઊભું થાય.. એ માટે પહેલાં નાનું એકમ સ્થાપવું પડે. એક એકદમ સફળ થાય પછી બીજું અને બીજા પછી ત્રીજું એમ સ્ટેપ બાય સ્ટેપ આગળ વધાય.

આમ જુઓ તો આ પાંચેય સંકલ્પ નાના છે પરંતુ રાઈના દાણા જેવા છે જે જીવનને વધુ વ્યવસ્થિત અને વિકાસલક્ષી-આનંદલક્ષી બનાવે છે. આપ પણ એનો જીવનમાં અમલ કરી આગળ વધો એવી નૂતન વર્ષની શુભેચ્છાઓ.

-સંપાદક

## સપ્તાહની તસવીર



‘દિવાળી’ નિમિત્તે ‘સન્નારી’ના મુખપૃષ્ઠ પર પ્રકાશિત થયેલી તસવીર **હિના ગેહાનીની** છે. એ ઊભરતાં સ્ટાર્ટ અપ્સને પ્રમોટ કરે છે અને સોશ્યલ મીડિયા પર સાડી ડ્રેપિંગના ટ્યુટોરિયલ્સ ક્રિયેટ કરે છે.